# રવિ સીઝનમાં હજુ માંડ ૫૦ ટકા વાવેતર

## પ્રતિકૂળ હવામાન, બિયારણની અછત અને મોંઘવારી તેમજ પાણીની વિકટ સ્થિતિને લઈ ખેડૂત નિરાશ

ગાંધીનગર, તા. ૨૯

જિલ્લામાં ચોમાસુ નિષ્ફળ ગયા બાદ રવિ સીઝનનું વાવેતર અત્યંત ધીમી ગતિએ વધી રહ્યું છે. પ્રતિકુળ હવામાન વચ્ચે ખેડૂતોએ ૨૭ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર કર્યુ છે અને હજુ છુટુ છવાયું વાવેતર થઈ રહ્યુ છે. ગત વર્ષની તુલનામાં હજુ ૫૦ ટકા જેટલુ પણ વાવેતર થયુ નથી.

રવિ સીઝનમાં સામાન્યતઃ ૭૦ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થતુ હોય છે પરંતુ પાણીની સંભવિત અછત અને પ્રતિકુળ હવામાનને પગલે હજુ ૫૦ ટકા સુધી પણ વાવેતર પહોંચ્યુ નથી. રવિ સીઝનના વાવેતરની કામગીરી સામાન્યતઃ ડિસેમ્બરના આરંભ પહેલાં પૂર્ણ થઈ જતી હોય છે પરંતુ હજુ તો વાવણીમાં જ ખેડૂતો વ્યસ્ત જોવા મળી રહ્યા છે.

કૃષિ વિભાગના સૂત્રોનું કહેવુ છે કે કૃષિ વૈજ્ઞાનિકોએ પણ ઘઉં જેવા પાકનું વાવેતર નવેમ્બરમાં જ કરવાની સલાહ આપી હતી હજુ ખેડૂતો બિયારણ મેળવી અને વાવણી કરી રહ્યા છે.

જો કે ખેડૂતોના મત મુજબ ઘઉં, બટાટાની ખેતીમાં આ વખતે ઘટાડો થશે. ઘઉંનું બિયારણ જરૂરી જથ્થામાં ઉપલબ્ધ બીજ નિગમમાં નહિ હોવાની વાતોએ પણ ખેડૂતોમાં ચર્ચાનો મુદો બન્યો છે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં જે વાવેતર થયુ છે તેમાં ૫૦ ટકા કરતાં પણ વધુ હિસ્સો ઘાસચારાના વાવેતરનો છે. પશુધન માટે લોકો ઘાસચારાનું વાવેતર કરી રહ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧,૭૫૮ હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર થયુ છે. જિલ્લામાં ૩૬ હેક્ટરમાં મકાઈના ઘાસચારાનું, રજકાના ઘાસચારાનું ૬૮૫૮ હેક્ટર, જુવારના ઘાસચારાનું ૪૫૬ હેક્ટર તથા અન્ય ઘાસચારાનું ૪૪૦૮ હેક્ટરમાં વાવેતર થયુ છે.

જિલ્લામાં ઘઉંનું વાવેતર ૬૩૬૩ હેક્ટર, શાકભાજીનું ૨૫૫૭ હેક્ટર, બટાટાનું વાવેતર ૩૭૮૬ હેક્ટર, વરિયાળીનું ૭૧૮ હેક્ટર, તમાકુનું ૯૨૦ હેક્ટર, રાઈનું ૭૨૨ હેક્ટર તેમજ ચણાનું ૪૨૬ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. જિલ્લામાં તમાકુ, ચણાનું વાવેતર પ્રમાણમાં વધતુ જોવા મળી રહ્યુ છે. બટાટાનું વાવેતર પણ ૭ થી ૮ ડિસેમ્બર સુધી થાય તેવી સંભાવનાઓ છે તો ઘઉંનું વાવેતર પણ ૧૦ થી ૧૫ ડિસેમ્બર સુધી લંબાય તેવી શક્યતાઓ છે.

છેલ્લા બે-ત્રણ દિવસથી ઠંડીનો દોર પુનઃ આરંભાયો છે તેથી ઘઉંના વાવેતર વિસ્તારમાં વધારો થવાની સંભાવનાઓ છે. આ ઉપરાંત ઘાસચારો અને શાકભાજીનું વાવેતર પણ વધી શકે છે.

# નવમી ડિસેમ્બરે પંચાયતના વધુ બે સંવર્ગ માટે સ્પર્ધાત્મક પરીક્ષા

## આ બે સંવર્ગ માટે ૧૯,૪૪૬ ઉમેદવારો માટે ૬૫ પરીક્ષા કેન્દ્રો નિયત કરી દેવાયા

ગાંધીનગર, તા. ૨૯

આગામી નવમી ડિસેમ્બરના રોજ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા વધુ બે સંવર્ગની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા જિલ્લામાં યોજાશે તેની તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં હજુ રવિવારે જ નાયબ ચીટનીસ અને મુખ્ય સેવિકા સંવર્ગની ભરતી બાદ વધુ એક પરીક્ષાનું આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે. નવમી ડિસેમ્બરના રોજ સમાજ કલ્યાણ નીરીક્ષક તેમજ વિસ્તરણ અધિકારી (સહકાર) સંવર્ગની ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે.

મળતી વિગતો પ્રમાણે આ પરીક્ષા માટે જિલ્લામાં ૧૯,૪૪૬ પરીક્ષાર્થીઓ નોંધાયા છે. જેમાં સમાજ કલ્યાણ નીરીક્ષક સંવર્ગ માટે ૭૫૯૨ પરીક્ષાર્થી અને વિસ્તરણ અધિકારી (સહકાર) સંવર્ગ માટે ૧૧,૮૭૪ પરીક્ષાર્થી નોંધાયા છે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર સમાજ કલ્યાણ નીરીક્ષક સંવર્ગની પરીક્ષા માટે ૨૬ અને વિસ્તરણ અધિકારી (સહકાર)ની પરીક્ષા માટે ૩૯ મળી કુલ ૬૫ પરીક્ષા કેન્દ્રો નિયત કરાયા છે.

આ પરીક્ષા માટે ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે જ એક વિશેષ કંટ્રોલરૂમ શરૂ કરાશે. આ સૂત્રોના જણાવ્યાનુસાર પરીક્ષાની કામગીરીને લઈ ડ્યુટી અંગેના હુકમો પણ કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત સ્ટ્રોંગરૂમ બનાવવા સહિતની આનુસંગિક કામગીરી પણ આરંભી દેવામાં આવી છે.

# મનપાના કાનૂની જંગમાં વધુ એક મુદત : સોમવારે હવે સુનાવણી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાના કાનૂની જંગમાં આજે વધુ એક મુદત પડી છે અને હવે સોમવારે વડી અદાલતમાં વધુ સુનાવણી હાથ ધરાશે.

રાજ્યની વડી અદાલતમાં આજે મનપા અને સરકાર વતી એડીશનલ એડવોકેટ જનરલ પણ એપીઅર થયા હતા. સોમવારે હવે સુનાવણી આગળ ધપશે અને આજ દિવસે ચુકાદો આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

મનપાના મેયર, ડે. મેયરની તેમજ સ્થાયી સમિતિના ૧૨ સભ્યોની ચૂંટણીમાં મેયરના મત બંધ કવરમાં રાખવાના આદેશ પછી પક્ષાંતર ધારા ભંગની અરજી પરની સુનાવણી આજે પણ બોર્ડ પર ન હોવાથી હાથ ધરાઈ ન હતી.

આજે અંકિત બારોટે મતાધિકારની રક્ષા કરવા દાદ માગતી, શૈલેન્દ્રસિંહ અને પિન્કીબેન પટેલે ચૂંટણીની કાયદેસરતાને પડકારતી તેમજ ભાજપે પણ બંધ કવર ઝડપથી ખોલવા માટે કરેલી અરજીઓ હતી.

જો કે એડીશનલ એડવોકેટ જનરલ પ્રકાશભાઈ ઉપસ્થિત થયા હતા અને થોડીક રજુઆતો પછી બધા કેસોની સુનાવણી સોમવાર પર મુલ્તવી રાખવામાં આવી છે.

દરમ્યાન પાટનગરમાં પણ હવે આ મુદો ચર્ચાસ્પદ બની રહ્યો છે. સોમવારે ચુકાદો આવશે તેવી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે. સુનાવણી હાથ ધરાયા બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે તેમ જાણકારોનું કહેવુ છે.



ફુલોના ગરબા - ગાંધીનગરના પાદરે મગોડી ગામે દિવાળી-દેવદિવાળીના પર્વોમાં ફુલોના ગરબા યોજાય છે... અનેક પરિવારો માનતા રાખીને ગરબાનું આયોજન કરે છે... સમગ્ર ગામ માતાજીની આ આરાધનામાં જોડાય છે અને ભાવ-ભક્તિસભર માહોલમાં સૌ વ્રતધારીઓ માનતા પુરી કરે છે...

# ગાંધીનગર સહિત રાજ્યમાં ઠંડી વધવાની આગાહી

## નલિયામાં તાપમાન ૧૩.૪ ડિગ્રી થતાં તીવ્ર ઠંડી

ગાંધીનગર,તા. ૨૯

રાજ્યમાં હવે ધીમે ધીમે ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૩.૪ ડિગ્રી સુધી રહ્યું હતું જ્યારે અમદાવાદમાં પણ લઘુત્તમ તાપમાન ૧૬.૧ ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આગામી બે ત્રણ દિવસ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે. આનો મલબત એ થયો કે ઠંડીમાં વધુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આજે અમદાવાદ શહેરમાં સ્થિતિ આદર્શ રહી હતી. સવારમાં ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. પાટનગર ગાંધીનગરમાં પારો ૧૪.૬ ડિગ્રી રહ્યો હતો. અમદાવાદ સહિત રાજ્યમાં હવે સવારના ગાળામાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આજે સવારે પણ ઠંડી નોંધાઈ હતી. જો કે બપોરના ગાળામાં સુર્યપ્રકાશ રહેતા લોકો મિશ્ર સિઝનનો અનુભવ કરી રહ્યા છે. ખાસ કરીને અમદાવાદમાં તો સવારમાં લોકો ઠંડી અનુભવી રહ્યા છે. સવારમાં ઓફિસ જતા લોકો હવે ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાયા હતા. વહેલી સવારમાં અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. બપોરના ગાળામાં હજુ પણ લોકોને ઓછા પ્રમાણમાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આમ હવે ધીરેધીરે ઠંડી પોતાની અસર દેખાડતી જઈ રહી છે. ત્યારે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનો પારો વધુ નીચે સરકે તેવી આગાહી પણ વ્યકત કરાઈ છે ત્યારે શિયાળાની ઠંડીપ્રેમી નાગરિકો ખુશીની લાગણી વ્યકત કરી રહ્યા છે. મોટાભાગના લોકો મોડી રાત્રે ગરમ વસ્ત્રોમાં પણ નજરે પડવા લાગી ગયા છે.

# નગરના 'ગ' અને 'ખ' માર્ગ આસપાસ પણ ફેન્સીંગ કરાશે

## કલરકોડ પ્રમાણે માર્ગો આસપાસ રંગબેરંગી ફુલો નિખરશે : નગરના મુખ્ય માર્ગો પર ફેન્સીંગનુ કામ ટુંકમાં પુર્ણ કરી દેવાશે

ગાંધીનગર તા ૨૯

શહેરના ગ અને ખ માર્ગ આસપાસ પણ ફેન્સીંગ કરવા માટે આયોજન કરવામાં આવશે. હાલ નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર ફેન્સીંગ કરવામાં આવી રહી છે.જયારે આગામી દિવસોમાં આ માર્ગ પર ફેન્સીંગની કામગીરી હાથ ધરાશે. જયારે ગ માર્ગ પર ગુલાબી અને ખ માર્ગ પર લીલા રંગના ફુલો નિખરે તે મુજબ પણ પ્લાન્ટેશન કરાશે

શહેરના મુખ્યમાર્ગો આસપાસ વન આરક્ષિત જગ્યા છે. જયારે આ જગ્યામાં વર્ષા અગાઉ સિમેન્ટના થાંભલાવાળી ફેન્સીંગ કરવામાં આવી હતી. પરંતુ સમયાંતરે આ ફેન્સીંગ તુટતી રહેતા વન આરક્ષિત જગ્યાની સુરક્ષા સહીત દબાણના પ્રશ્નો ઉભા થતા હતા આ ઉપરાંત રખડતા ઢોર પણ વન આરક્ષિત જગ્યામાં ઘુસી જતા અનેક સમસ્યાઓ સર્જાતી હતી. જેને અનુલક્ષી વનતંત્ર દ્વારા નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર ફેન્સીંગનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ હતુ. જયારે હાલ આ કામગીરી ચાલી રહી છે. જો કે થોડા સમયના અંતે આ કામ પુર્ણ કરી દેવાશે. ત્યારબાદ આસપાસના આ વિસ્તારમાં કલરકોડ પ્રમાણે પ્લાન્ટેશન કરી દેવાશે. આગામી દિવસોમાં નગરના ગ અને ખ માર્ગ ની વન આરક્ષિત જગ્યામાં પણ ફેન્સીંગનુ કામ હાથ ધરાશે. જો કે આ મામલે હજુ વિચારણાના અંતે આયોજન આખરી કરાશે. શહેરના વન આરક્ષિત જગ્યામાં રખડતા ઢોર ઉપરાંત નીલગાયનો ત્રાસ પણ વિશેષ હોવાથી સ્થાનિકો માટે માર્ગ સલામતી પણ જોખમાતી હોવાની સ્થિતિ સર્જાય છે. જેના લીધે ફેન્સીંગનુ કામ હાથ ધરાયુ છે. જેથી રોપાઓના ઉછેર તેમજ રક્ષણ ઉપરાંત માર્ગ સલામતી અને દબાણની સમસ્યાને પણ ડામી શકાય તે મુજબ નગરના ગ અને ખ માર્ગ પર આ માટે આયોજન કરી ટુંકમાં કામ હાથ ધરાશે.

શહેરના મુખ્ય માર્ગોપર સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ ફેન્સીંગ કરવામાં આવી રહ્યુ છે. જો કે આ કામગીરી હજુ અધુરી છે. આગામી દિવસોમાં સેન્ટ્રલ વર્જમાં પણ ફેન્સીંગનુ કામ પુર્ણ કરી દેવાશે.

ગાંધીનગરમાં સૌપ્રથમ વાર
અમે લાવી રહ્યા છીએ... પાસપોર્ટ ફોટા હવે ઘરે બેઠા
RED STUDIO
Schedule Your Appointment
+91 8866 32 35 67
+91 7572 88 92 51
MANAGED BY RED SMILE ENTERTAINMENTS
10% Off All Wedding Packages
Passport Photos | Videography | Photography | Video Editing Work
Ad Film | Documentary Film | Online Marketing
redgallery.in RED SMILE ENTERTAINMENTS
104, 1st Floor, Prarambh Plaza, Sector - 06, GANDHINAGAR

# સે-૧૫ માં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૫ કરોડના ખર્ચે હોસ્ટેલ બનશે

ગાંધીનગર તા ૨૯

સે- ૧૫ માં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ બનાવાનુ કામ હાથ ધરવામાં આવશે. અગાઉ જગ્યાના મામલે કોઈ નિર્ણય ન લેવાતા હોસ્ટેલ બનાવાની યોજના અટવાઈ હતી. જયારે હવે જગ્યા અંગે આખરી નિર્ણય લેવાતા અંદાજિત રૂ ૧૫ કરોડના ખર્ચે હોસ્ટેલ બનાવાશે.

ગાંધીનગરના સેકટરોમાં સરકારી આવાસોમાં પણ અનેક હોસ્ટેલ ધમધમી રહી છે. શહેરમાં બહારગામના વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં અભ્યાસ કરતા હોવાથી હોસ્ટેલ બિલ્ડીંગનુ નિર્માણ કરવાનુ અનિવાર્ય છે. શહેરમાં સરકારી આવાસમાં કાર્યરત પોલીટેકનિક કોલેજના વિદ્યાર્થીઓની હોસ્ટેલ બિલ્ડીંગને પણ ખાલી કરી દેવા સુચના આપવામાં આવી છે. નગર એજયુકેશન હબ તરીકે ઉભરતા શહેરમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતા અન્ય હોસ્ટેલ બિલ્ડીંગની

**બે મજલાના હોસ્ટેલ બિલ્ડીંગમાં સઘળી સુવિધા ઉભી કરાશે : ટુંકમાં કામગીરી શરૂ થશે**

અનિવાર્યતા પણ ઉભી થઈ છે. બીજીતરફ સરકારી છાત્રોને અનુલક્ષીને પણ હોસ્ટેલનુ નિર્માણ કરવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. સે-૧૫ માં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ બનાવાનુ કામ હાથ ધરાશે.

આ મામલે અગાઉ જગ્યા નિયત ન હોવાથી યોજના અટવાઈ હતી. પરંતુ આખરે જગ્યા નક્કી થતા ટુંકમાં જ કામગીરી શરૂ કરી દેવાશે. સે-૧૫ માં આદિજાતિ હોસ્ટેલનુ નિર્માણ કરવા માટે રૂ ૧૫ કરોડનો ખર્ચ કરાશે. બે માળની હોસ્ટેલ બિલ્ડીંગને અનુલક્ષી સઘળી સુવિધા ઉભી કરાશે. હોસ્ટેલ ફરતે કમ્પાઉન્ડ વોલ તેમજ ફાયર સેફટી સિસ્ટમ સહીત સલામતીના પરિબળોને પણ ધ્યાને લેવાશે. સે-૧૫ માં સરકારી કોલેજ આસપાસના વિસ્તારમાં જ આ હોસ્ટેલનુ નવુ બિલ્ડીંગ બનશે. આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે કામગીરી પણ આરંભી દેવાશે.



પહેલુ સુખ તે જાતે નર્યા - શિયાળાના આગમન સાથે પોતપોતાના સ્વાસ્થ્ય માટે યોગ, પ્રાણાયામ, મોર્નિંગ વૉક તથા વિવિધ કસરતો કરતા હોય છે... શિયાળાની સવાર એટલે સ્વાસ્થ્ય માટે પહેલુ પ્રકરણ... ગાંધીનગર - અમદાવાદમાં ભાઈઓની સાથો સાથ બહેનો પણ યોગ કવાયતમાં સક્રિય છે...

# વિશ્વ આયુર્વેદ સંમેલન ૧૪મીથી અમદાવાદ ખાતે આરંભાશે

## રૂપાણી અને આયુષ મંત્રાલય દ્વારા ઉદ્‌ઘાટન કરાશે : વૈશ્વિક ફલક પર આયુર્વેદની ભારતીય સંસ્કૃતિ અને તેની અસીમ શકિતઓને ઉજાગર કરવાનો ઉમદા પ્રયાસ કરાશે

અમદાવાદ,તા. ૨૯

વૈશ્વિક ફલક પર આયુર્વેદની ભારતીય સંસ્કૃતિ અને તેની અસીમ શકિતઓને ઉજાગર કરવાના ભાગરૂપે અમદાવાદ શહેરમાં તા.૧૪થી ૧૭ ડિસેમ્બર દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે ૮મી વિશ્વ આયુર્વેદ મહાસંમેલન અને આરોગ્ય એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેગા ઈવેન્ટનું આયોજન આયુષ મંત્રાલય અને ગુજરાત સરકારના સહયોગથી વર્લ્ડ આયુર્વેદ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહ્યું છે. રાજયના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી અને આયુષ મંત્રાલય દ્વારા આરોગ્ય એક્સ્પોનું ઉદઘાટન કરાશે.આ વિશ્વ આયુર્વેદ મહાસંમેલન અને આરોગ્ય એક્સ્પોમાં ૩૨ દેશોના ૩૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ મળી ચાર હજારથી વધુ દેશ-વિદેશના પ્રતિનિધિઓ અને મહાનુભાવો ખાસ હાજરી આપશે એમ અત્રે વિજ્ઞાન ભારતીના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી જયંત સહસ્ત્રબુધ્ધે અને વિશ્વ આર્યુવેદ મહાસંમેલનના સેક્રેટરી ડો.ભવદીપ ગણાત્રાએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આર્યુવેદ અને વિજ્ઞાન એ ખરેખર તો ભારતીય પ્રાચીન સંસ્કૃતિ અને ધરોહર છે, જેના થકી આજે ભારતીય આર્યવેદની તાકાત આગળ ઝુકી રહ્યું છે અને તેનું અનુસરણ કરવા લાગ્યું છે ત્યારે ભારતીય આર્યુવેદના રહસ્યો, સાચી સમજ, તેની અસીમ શકિત અને આ સાંસ્કૃતિક ધરોહર થકી વિશ્વનું કલ્યાણ કેવી રીતે થઈ શકે તેવા ઉમદા આશય સાથે અનેકવિધ વિષયો પર ચર્ચા વિચારણા, પ્રશ્નોત્તરી સહિતના અનેક કાર્યક્રમો આ ચાર દિવસના મહાસંમેલનમાં યોજાશે.

૮મી વિશ્વ આયુર્વેદ મહાસંમેલનનું મુખ્ય લક્ષ - સ્ટ્રેન્થનિંગ ધ આયુર્વેદા ઈકોસિસ્ટમ વિષય પરનું છે અને તેમાં ભારત અને વિદેશોમાંથી આયુર્વેદ ક્ષેત્રના હિતધારકો એકત્ર થશે. આ વર્ષે આ કાર્યક્રમના મુખ્ય ઘટકોમાં પોલિસી મેકર્સ કોન્કલેવ, ટિચિંગ એન્ડ રિસર્ચ મેથોડોલોજી વર્કશોપ, યુજી સ્ટુડન્ટ્સ ઓરિએન્ટેશન ચરકુહાન, નસ્ય સ્ટુડન્ટ કોન્કલેવ, પ્રેક્ટિશનર્સ કેપેસિટી બિલ્ડીંગ વર્કશોપ, બાયર સેલર મીટ, ઈન્ટરનેશનલ ડેલિગેટ્સ એસેમ્બલી, ઈન્ટરનેશનલ મેડિસિનલ પ્લાન્ટ્સ સેમીનાર વગેરે સામેલ રહેશે.

૮મી વિશ્વ આયુર્વેદ પાંચ પ્લેનરી સેશન્સ, ૯૬ પેરેલલ સેશન્સ અને મોટી સંખ્યામાં પેપર પ્રેઝન્ટેશન્સ તથા અન્ય અનેક સંલગ્ન ઈવેન્ટ્સ સામેલ હશે. પબ્લિક આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગત જીવનશૈલી અને સૌંદર્યના કાર્યક્રમો પણ યોજાશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com